# પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

## જાહેરનામું

## ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧

ક્રમાંક : ક.૨/ નિકોલ પો.સ્ટે./૬૬૪/૨૦૧૫
તા.૧૦/૬/૨૦૧૫

સરકારશ્રીના ગૃહવિભાગના તારીખ: ૨૦/૧૦/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૧૧ /૧૦૫૫/વ. થી અમદાવાદ શહેરમાં નિકોલ પોલીસ સ્ટેશન ખોલવાનો ઠરાવ થતાં સને :૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ.૧૨ થી મળેલ સત્તાની રુએ હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર. આથી ઓઢવ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં ફેરફાર કરી, નીચે જણાવ્યા મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન અને નિકોલ પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર તારીખ - ૧૧/૦૬/૨૦૧૫ કલાક ૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**નિકોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનો હદ વિસ્તાર:-**

પશ્ચિમ :- ઠક્કરનગર ચાર રસ્તાથી વિરાટનગર ચાર રસ્તા સુધીનો નેશનલ હાઇ-વે નંબર ૮ રોડ, સર્વિસ રોડ સહિતનો વિસ્તાર.

ઉત્તર :- ઠક્કરનગર ચાર રસ્તાથી ખોડીયાર માતાના મંદિરથી ઉત્તરે ભરવાડના મકાન સામે આવેલ એકલવ્ય બિલ્ડીંગથી પૂર્વ સ્થાપત્ય રેસીડેન્સી રોયલ બંગ્લોઝ, શબરી બંગ્લોઝ, પારસ ગેલેક્ષી, કર્ણાવતી બંગ્લોઝ, સુભમબંગ્લોઝ, હરિદર્શન ચાર રસ્તા સુધીનો રોડ સહિતનો વિસ્તાર તથા ત્યાંથી પૂર્વે કર્ણાવતી બંગ્લોઝ, ગોકુલ ડુપ્લેક્ષ, રાધે બંગ્લોઝથી ઇ.એમ.આર.આઇ -૧૦૮, દાસ્તાન કઠવાડા સર્કલ સુધી રોડ સિવાયનો વિસ્તાર અને રીંગ રોડ કઠવાડા સર્કલથી પૂર્વે કઠવાડા ગામ તથા ગામની સીમનો વિસ્તાર.

પૂર્વે :- કઠવાડા સીમથી દક્ષિણે નવરંગપુરા ગામ તથા ગામની સીમ, હુક્કા પાટીયાથી નદીના બ્રિજ સુધી તથા ભુવાલડી ગામ તથા ગામની સીમનો વિસ્તારથી વી.કે.પેટ્રોલ પંપ સુધીનો વિસ્તાર.

દક્ષિણે:- વી.કે.પેટ્રોલ પંપથી પશ્ચિમે કઠવાડા ત્રણ રસ્તા સુધીનો રોડ સિવાયનો વિસ્તાર તથા ત્યાંથી ઉત્તરે જી.આઇ.ડી.સી રોડ નંબર.૫ ના ગેટથી પશ્ચિમે નિકોલ-કઠવાડા રીંગ રોડ ચાર રસ્તા સુધી રોડ સિવાયનો વિસ્તાર અને કઠવાડા રીંગ રોડ ચાર રસ્તાથી દક્ષિણે

નીલકંઠ એવન્યુ (પામ હોટલ) સુધી રોડ સિવાયનો વિસ્તાર અને ત્યાથી પશ્ચિમે મન મોહન પાર્ક ચાર રસ્તાથી કે.પી.હાઇટ ત્રણ રસ્તા, વિરાટનગર વેરાથી વિરાટનગર ચાર રસ્તા સુધીનો રોડ સિવાયનો વિસ્તાર.

**<u>ઓઢવ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનો હદ વિસ્તાર:-</u>**

પશ્ચિમ :- વિરાટનગર ચાર રસ્તાથી રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા સુધીનો નેશનલ હાઇ-વે નંબર-૮ સુધીનો સર્વિસરોડ સહિતનો વિસ્તાર .

ઉત્તર :- વિરાટ નગર ચાર રસ્તાથી નિલકંઠ એવન્યુ (પામ હોટલ) સુધીનો રોડ સહીતનો વિસ્તાર તથા ત્યાંથી ઉત્તરે કઠવાડા- નિકોલ ચાર રસ્તા સુધીનો રોડ તથા સર્વિસ રોડ સહિતનો વિસ્તાર અને ત્યાંથી પૂર્વે કઠવાડા જી.આઇ.ડી.સી. ગેટ નંબર ૫ સુધીનો રોડ સહિતનો વિસ્તારઅને ત્યાંથી દક્ષિણે કઠવાડા જી.આઇ.ડી.સી. ત્રણ રસ્તાસુધીનો રોડ સહિતનો વિસ્તાર અને ત્યાંથી પૂર્વે વી.કે.પટેલ પેટ્રોલ પંપ સુધીનો રોડ સર્વિસ રોડ સહિતનો વિસ્તાર.

દક્ષિણે :- રાજેન્દ્ર પાર્કચાર રસ્તાથી પૂર્વે કેનાલ અને આ કેનાલથી દક્ષિણે ભાવના સ્કુલથી તક્ષશિલા સ્કુલથી રીંગ રોડ પાંજળાપોળ ચાર રસ્તાથી પૂર્વે ચોસમીયા પરાથી સીંગરવા ગામની સીમનો વિસ્તાર.

પૂર્વે :- વી.કે.પેટ્રોલ પંપ બ્રિજના વચ્ચેથી દક્ષિણ તરફ જતાં કાચા રસ્તાથી ચોસમીયાપરુ તથા સીમનો વિસ્તાર.

તારીખ :-૧૦/૬/૨૦૧૫

સિક્કો :-

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પ્રતિ,

- પોલીસ ઇન્સ્પેકટરશ્રી નિકોલ પોલીસ સ્ટેશન/ ઓઢવ પોલીસ સ્ટેશન અ'વાદ શહેર.
  ૨/જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફિસ રેકર્ડમાં રાખવી.

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓ/ તમામ મદદનીશ પોલીસ કમિશરશ્રીઓ